# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત.-૩૯૫ ૦૦૭.
(Re-Accredited by NAAC with 'A' Grade)

## પ્રવેશ જાહેરાત (શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯-૨૦)

ધોરણ -૧૨ (HSC) બોર્ડ અને તેની સમકક્ષ પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રથમ વર્ષ - બી.કોમ., એમ.કોમ.(ઇન્ટીગ્રેટેડ) વીથ બી.કોમ. ઓનર્સ, બી.બી.એ. બી.સી.એ., બી.આર.એસ., Integrated M.R.S. (B.R.S.), સસ્ટેનેબલ ડેવલેપમેન્ટ પ્રોગ્રામ, Five Years B.Com. LL.B. (Honours) Programme ના જુન-૨૦૧૯ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષમાં ઓનલાઇન પ્રવેશ વિકેન્દ્રીત ધોરણે આપવામાં આવશે. દરેક ઉમેદવારે ઓનલાઇન પ્રવેશ અરજી કરવાની રહેશે. ત્યારબાદ તૈયાર થયેલ મેરીટ લીસ્ટ જે તે કોલેજને યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. વિદ્યાર્થીની પંસદગી મુજબ જે તે કોલેજમાં મેરીટ મુજબ એડમિશન મેળવવાનું રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રવેશ યોગ્યતા | ધોરણ -૧૨ (HSC) બોર્ડ અને તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ |
| ૨ | ઓનલાઇન અરજી કરવાનો સમયગાળો | બી.કોમ., એમ.કોમ.(ઇન્ટીગ્રેટેડ) વીથ બી.કોમ. ઓનર્સ, બી.બી.એ. બી.સી.એ., બી.આર.એસ., Integrated M.R.S. (B.R.S.), સસ્ટેનેબલ ડેવલેપમેન્ટ પ્રોગ્રામ, Five Years B.Com. LL.B. (Honours) Programme માટે તા.૦૩/૦૬/૨૦૧૯ થી તા.૧૩/૦૬/૨૦૧૯ દરમિયાન યુનિ.ની વેબસાઇટ www.vnsgu.ac.in પર અરજી કરવાની રહેશે. |
| ૩ | માહિતી પુસ્તિકા અને રજીસ્ટ્રેશન ફી | પ્રવેશ અંગેની માહિતી પુસ્તિકા ઓનલાઇન યુનિ.ની વેબસાઇટ પરથી પીડીએફ ફોરમેટ (સોફ્ટ કોપી)માં મળશે. જ્યારે પ્રવેશ માટેની પ્રોસેસીગ ફી ઓનલાઇન નેટ બેંકીંગ અથવા એ.ટી.એમ. કમ ડેબીટ કાર્ડ કે ક્રેડીટ કાર્ડથી રૂા.૨૦૦ ભરવાની રહેશે. અન્ય કોઇપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી. ઉપરોક્ત દરેક કોલેજમાં તથા યુનિવિર્સિટી ખાતે એમ.એસસી. આઇ.ટી. ડિપાર્ટમેન્ટમાં હેલ્પ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે. |
| ૪ | ડોક્યુમેન્ટ વેરીફીકેશન | ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી પ્રોસેસિંગ ફી ભર્યા બાદ ગુજરાત બોર્ડમાંથી માર્ચ-૨૦૧૯માં પ્રથમ પ્રયત્ને ૧૨ સામાન્ય પ્રવાહ પરીક્ષા પાસ કરનાર ઓપન કેટેગરીના (EWS સિવાય) વિદ્યાર્થીઓએ વેરીફીકેશન કરાવવાનું નથી. આ સિવાયના તમામ વિદ્યાર્થીઓએ એટલે કે (SC, ST, SEBC, PH, EWS, Sports) ના તમામ વિદ્યાર્થીઓએ નજીકના હેલ્પ સેન્ટર પર તા.૦૩/૦૬/૨૦૧૯ થી ૧૪/૦૬/૨૦૧૯ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવી તેની નકલ જમા કરાવવી ફરજિયાત છે. (હેલ્પ સેન્ટરની યાદી માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ છે.) વેરિફિકેશન માટે અસલ ડોક્યુમેન્ટ સાથે રાખવા. |

ઉમેદવારે એડમીશનને લગતી માહિતી માટે યુનિ.ની. વેબસાઇટ www.vnsgu.ac.in પર વખતોવખત જોતા રહેવું. હેલ્પ સેન્ટર અને તેનો સમય માહિતી પુસ્તીકામાં દર્શાવેલ છે.

બી.કોમ., એમ.કોમ.(ઇન્ટીગ્રેટેડ) વીથ બી.કોમ. ઓનર્સ માટે અલગ, બી.બી.એ. માટે અલગ, બી.સી.એ., બી.આર.એસ., Integrated M.R.S. (B.R.S.), સસ્ટેનેબલ ડેવલેપમેન્ટ પ્રોગ્રામ માટે અલગ, Five Years B.Com. LL.B. (Honours) Programme માટે પણ અલગથી ફોર્મ ભરવાનું રહેશે.

**નોંધઃ** પ્રથમ વર્ષ બી.એ., પરફોર્મિંગ આર્ટ્સ, બી.એસ.ડબલ્યુ. અને બી.એ./બી.એસસી. હોમસાયન્સના પ્રવેશ જે તે કોલેજે નિયમાનુસાર આપવાના રહેશે.

તા.૨૭/૦૫/૨૦૧૯ **ઈ.ચા. કુલસચિવ**

Scanned by CamScanner